॥ शास्त्रविशारद-जैनाचार्य-श्रीमद्‌विजयधर्मसूरिभ्यो नमः ॥

વિશાઓસવાળ–છાજેડગોત્ર–શાહ પતાજીનું

# વંશવૃક્ષ (વંશવેલી)

તૈયાર કરનારઃ


શાહ અમીચંદ ઝીણાભાઇ (વાસણવાળા)

વઢવાણ કેમ્પ



છપાવી પ્રસિદ્ધ કરનારઃ

અભયચંદ ભગવાનદાસ ગાંધી

ભાવનગર

વીર સં. ૨૪૭૪ ] વિ. સં. ૨૦૦૪ [ ધર્મ સં. ૨૬

કીંમત ૦-૪-૦



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુદ્રક:
ગોવિંદલાલ જગશીભાઈ શાહ
શારદા મુદ્રણાલય
પાનકોર નાકા, અમદાવાદ

પ્રાપ્તિસ્થાન:
શ્રીયશોવિજયજી જૈન ગ્રંથમાળા
હેરીસ રોડ, ગાંધીચોક-ભાવનગર (કાઠિયાવાડ)

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

॥ यक्षराट् श्रीमणिभद्रो विजयतेतराम् ॥

# પ્રકાશકનું નિવેદન

આ પુસ્તિકામાં વિશા ઓસવાળ છાજેડ (છાજરીયા) ગોત્રવાળા શાહ પતાજીનું વંશવૃક્ષ રજુ કરવામાં આવે છે. તેઓ મારવાડથી નીકળીને કાઠિયાવાડના ગોહિલવાડ પ્રાંતના વળા (વલ્લભીપુર) ગામમાં આવીને વસ્યા ત્યારથી તેઓ 'ઘોઘારી' કહેવાયા.

શાહ પતાજી મારવાડમાંના કયા ગામથી અને કયા સંવતમાં નીકળીને વળામાં આવીને વસ્યા ? તે ચોક્કસ રીતે જાણવામાં આવ્યું નથી. પરંતુ શાહ અમીચંદ ઝીણાભાઈનું શિહોરમાં રહેણાકનું જે મકાન છે, તે મકાન તેમના વડવા શાહ ગલાલચંદ જેચંદે વળાના બ્રાહ્મણ પાસેથી ખરીદ્યું હતું. તેનો વળાના નામદાર ઠાકોર સાહેબ વજેસંગજી વખતસંગજીની મોરછાપનો સંવત ૧૮૭૮ના માગશર માસમાં દસ્તાવેજ થએલ છે. આ દસ્તાવેજમાં વળાવાળા શાહ કમા મનજી તથા શાહ મેઘા જેઠાની શાખો છે. આ તથા બીજાં કારણોથી પણ અનુમાન કરી શકાય છે કે શાહ પતાજી વિક્રમની ૧૭મી શતાબ્દિમાં (૧૭મા સૈકામાં) મારવાડમાંથી આવીને વસ્યા હશે.

આ વંશવૃક્ષ (વંશવેલી) શાહ અમીચંદ ઝીણાભાઈએ કલગર–વહીવંચા–જ્ઞાતિના ગોરના ચોપડામાંથી તથા વડિલો પાસેથી હકીકતો મેળવીને સં. ૧૯૮૬થી ૧૯૯૪ સુધીમાં ઘણો પ્રયાસ કરીને તૈયાર કરીને છપાવવા માટે અમને આપ્યું છે, તેથી આ સ્થળે અમે તેમનો આભાર માનીએ છીએ, અને શાંતમૂર્ત્તિ મુનિ મહારાજ શ્રીજયંતવિજયજી મહારાજશ્રીની પ્રેરણાથી તેને છપાવીને પ્રકટ કરીએ છીએ.

શ્રીયુત અમીચંદભાઈએ આ વંશવૃક્ષ તૈયાર કરીને આપ્યા પછી સંવત્ ૨૦૦૨ની દીવાળી સુધીમાં આ કુટુંબમાં જેટલા પુત્રોનો જન્મ થયો છે, તેનાં નામો આમાં ઉમેરી દીધાં છે અને ત્યાર પછી પણ આજ સુધીમાં કોઈને ત્યાં પુત્રનો જન્મ થયાની ખબર અમને મળી, તેનાં નામો પણ ઉમેરી દીધાં છે; પરંતુ ૨૦૦૨ની સાલ પછી જન્મેલા કોઈ કોઈ બાળકોનો આમાં ઉલ્લેખ કરવો રહી પણ ગયો હશે.



Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

આ કુટુંબમાં થયેલા મનુષ્યોએ સં. ૧૯૩૦ પછી જે જે ધર્મકાર્યો કર્યાં અને દીક્ષાઓ લીધી, તેમાંથી અમને જે જે બાબતોની મળી તેની જ અમે આમાં નોંધ લીધી છે; જેની માહિતી નથી મળી તેની નોંધો લેવાની રહી પણ ગઈ હશે. સં. ૧૯૩૦ પહેલાંની તો કંઈ પણ માહિતી અમને મળી નહિ હોવાથી તેની નોંધો આમાં લેવામાં આવી નથી.

આ વંશવૃક્ષ ઘણી કાળજીપૂર્વક તૈયાર કરવામાં અને સંશોધન કરીને છપાવવામાં આવ્યું છે, છતાં તેમાં કંઈ ભૂલ રહી ગઈ હોય અથવા તો નામો લખવામાં કંઈ ફેરફાર થયો હોય તો તે અમને જણાવવાથી વંશવેલીના અસલ નકશામાં એ પ્રમાણે સુધારી લેવામાં આવશે.

અંતમાં શ્રીશાસનદેવ પ્રેત્યે પ્રાર્થના છે કે આ કુટુંબના પ્રત્યેક માણસો ધર્મ અને સમાજની સેવાના સારાં સારાં ધર્મકાર્યો કરનારા નીવડો અને તેમનો સર્વ રીતે અભ્યુદય થાઓ, એ જ શુભેચ્છા.

ભાવનગર (કાઠિયાવાડ)
પોષ શુદિ ૭ રવિવાર
વી. સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪, ધર્મ સં. ૨૬


નિવેદક:
અભયચંદ ભગવાનદાસ ગાંધી


Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# વંશવૃક્ષ (વંશાવેલી)

વિશા ઓસવાળ છાજેડ [છાજરીયા] ગોત્રવાળા શા. પતાજીનું વંશવૃક્ષ

શા. પતાજી મારવાડમાંથી ૧૭ મી સદીમાં સુ. વળા– [વલ્લભીપુર] કાઠિયાવાડમાં આવીને વસ્યા.





હુકમચંદ [ હુકા ]
ડાહ્યાભાઈ
લખમીચંદ
ભુરાભાઈ
ભીખાભાઈ
વનમાળી
લલ્લુભાઈ
માનચંદ
રાયચંદ
હરખચંદ(૧)
( દીક્ષા લીધી )
[ જયંતવિજય ]
ભાઈચંદ
અમૃતલાલ
મોહનલાલ
લાલચંદ
જયંતીલાલ
દિનકર
હસમુખ
શીરાજ
કાળીદાસ
કેશવજી
છગનલાલ
ન્યાલચંદ
ધનજી
વનમાળી
ભીમજી
ભુરાભાઈ
પાનાચંદ
નંદલાલ
કલ્યાણ
ખીમચંદ
જસરાજ
છોટાલાલ
ઈંદુલાલ
પ્રવીણચંદ્ર
પ્રેમચંદ
ભગવાન
કરશન

# શાખા પહેલી


- ગોકળભાઈ [ મૂળ વૃક્ષનું અનુસંધાનઃ વળાથી શિહોર આવીને વસ્યા ]
  - પ્રેમજી
    - રતનચંદ
      - દેવચંદ
        - મોનજી
          - કુરજી
            - મૂળજી ૦
        - જીવરાજ
          - કલ્યાણજી
            - ( જુઓ પૃ૦ ૪ )
        - અંદરજી
          - કરશન
            - હરિચંદ
              - પાનાચંદ(3A) ૦
      - બોઘાભાઈ
        - ઝવેરભાઈ
          - લવજી
            - નથુભાઇ (જુઓ પૃ૦ ૪)
        - વીરજી
          - ( જુઓ પૃ૦ ૪ )
        - ખીમચંદ
          - કાબાભાઈ
            - આંબાલાલ ૦
  - જેચંદ
    - ચીકમજી ( જુઓ શાખા ત્રીજી )
    - ગલાલચંદ ( જુઓ શાખા ચોથી )
  - તેજપાળ ( જુઓ શાખા બીજી )


- મેઘજી
  - મૂળજી (૨)
    - ભુરાભાઈ ૦
    - હીરાચંદ
      - રમણિકલાલ
    - લાલચંદ
      - અમુલખ
        - રાજેન્દ્ર
    - ગુલાબચંદ
      - ફુલચંદ
        - જયસુખલાલ
      - કાંતિલાલ
      - વર્ધમાન




Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat
www.umaragyanbhandar.com

# શાખા બીજી



તેજપાળ [ શાખા પહેલીનું અનુસંધાન ] શિહોર
નાગજી
શામજી
(જુઓ શાખા પાંચમી)
ઝીકાભાઇ
સુંદરજી
રાજપાળ
(જુઓ પૃ૦ ૬)
રાયચંદ
ઉકાભાઈ
વિઠ્ઠલભાઇ
અમીચંદ
રતિલાલ
પાનાચંદ
મણિલાલ
હીરજલાલ
રસિક
મોહનલાલ
બચુ
સીરાજ
નરશીદાસ
લવજીભાઈ
માવજી
(જુઓ પૃ૦ ૭)
જેચંદ
ભાઇચંદ
છગનલાલ
મગનલાલ
હઠીચંદ
ગિરધરલાલ
(જુઓ પૃ૦ ૬)
કાંતિલાલ
બચુ
મનસુખ
ચુનીલાલ




રાજપાળ
અમરચંદ
પુંજાભાઇ
ગગજી
દુર્લભજી
કપૂરચંદ
રતિલાલ
મનસુખ
ચંપકલાલ
ત્રિકમજી
હરિચંદ
લવજી
વીરચંદ
ઓધવજી
જમનાદાસ
શાંતિલાલ
ગિરધરલાલ
ધીરજલાલ
નવીનચંદ્ર
તારાચંદ
અંદરજી
ધનજી
સાકરચંદ
મૂળચંદ
જીવરાજ
રમેશ
રૂપચંદ
કેશરીચંદ
નારણજી
ભુપતરાય
દલીચંદ
પાનાચંદ
પ્રતાપરાય
કાંતિલાલ
અનંતરાય
મનસુખ
ગિરધરલાલ
શાંતિલાલ
અમુલખ

# શાખા ત્રીજી


[ શાખા પહેલીનું અનુસંધાન ] શિહોર




# શાખા ચોથી




Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com





Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com





Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

# શાખા પાંચમી


શામજી ( શાખા બીજીનું અનુસંધાન ) શિહોર
મનજી
કાનજી
રામજી
ભાઈચંદ
અમીચંદ
માલજી
લલ્લુભાઈ
નથ્થુભાઈ
છોટાલાલ
દલીચંદ
ગોપાળજી
નીતિલાલ
પાનાચંદ
જગજીવન
પોપટલાલ
કાંતિલાલ
ચંદુલાલ
ચંપકલાલ
ગુણવંતરાય
વિજયચંદ
ચન્દ્રકાન્ત
પ્રવીણચન્દ્ર
હઠીચંદ
શાંતિલાલ
નાગરદાસ
ભુપતરાય
વસંતરાય
કનૈયાલાલ
રમેશચન્દ્ર
મહેન્દ્ર

# શાખા છઠ્ઠી

(શાખા ચોથીનું અનુસંધાન)
[ પાલીતાણા રહેવા ગયા. ]



# ટિપ્પણ

(૧) ભાઈ હરખચંદે કુમારાવસ્થામાં ૩૨ વર્ષની ઉમ્મરે સં. ૧૯૭૧ ના વૈશાખ વદિ ૫ ને દિવસે ઉદયપુર (મેવાડ)માં, ચારિત્રિચૂડામણિ શાંતમૂર્તિ શ્રીમાન્ વૃદ્ધિચંદજી મહારાજના શિષ્યરત્ન શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય જગત્પૂજ્ય શ્રીમાન્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ પાસે તેઓશ્રીના શિષ્ય તરીકે દીક્ષા લીધી છે. નામ જયંતવિજય રાખવામાં આવ્યું છે. જેઓ હાલ સાધુપણામાં વિચરે છે. તેમજ તેમની લઘુ બહેન અમરતે પણ સં. ૧૯૮૬ માં બરેજા પાર્શ્વનાથ તીર્થમાં સાધ્વીજી ચંપાશ્રીજીની શિષ્યા સાધ્વીજી તારાશ્રીજીની શિષ્યા સાધ્વીજી મંગળશ્રીજીની પાસે તેમની શિષ્યા તરીકે દીક્ષા લીધી છે. નામ ઇંદ્રશ્રી રાખ્યું છે. તેઓ પણ હાલ સાધ્વીપણામાં વિચરે છે.

(૨) મૂળજી શેઠની પ્રથમ ભાર્યા નાનીબાઈએ દીક્ષા લીધી હતી અને ઘણાં વર્ષ સુધી પાળી હતી.

(૩A) શાહ પાનાચંદ હરિચંદનાં ધર્મપત્ની શ્રાવિકા બાઈએ દીક્ષા લીધી છે, તેમનું નામ રાખવામાં આવ્યું છે.

(૩) શિહોરથી વળા–વલ્લભીપુર રહેવા આવ્યા.

(૪) શા. દયાળજી ઝીણાભાઈએ સંવત્ ૧૯૫૭ માં શિહોરથી શ્રીસિદ્ધાચલજીનો 'છ' રી પાળતો સંઘ ધામધૂમથી કાઢ્યો હતો.

(૫) શા. ન્યાલચંદ દયાળજીએ તથા શા તલકચંદ ગોબરે સાથે મળીને સંવત્ ૧૯૭૭ માં શિહોરથી રેલ્વે દ્વારા શ્રીગિરનારજીનો સંઘ કાઢ્યો હતો.

શાહ ન્યાલચંદ દયાળજીનાં બીજાં ધર્મપત્ની શ્રાવિકા નેમિબહેને સં. ૨૦૦૩ માં સાધ્વીજી શ્રીનંદનશ્રીજી તથા હંસાશ્રીજી પાસે દીક્ષા લીધી છે. તેમનું નામ રાખવામાં આવ્યું છે.

(૬) શાહ ગોપાળજી દયાળજીના પુત્રો (૧) શાહ હરિચંદ, (૨) શાહ હઠીચંદ અને (૩) શાહ ન્યાલચંદ ગોપાળજીએ નીચે પ્રમાણે ધર્મકાર્યો કરેલ છે:

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

(૧) શિહોરના દેરાસરનો ૫૦-૬૦ વર્ષ સુધી વહીવટ કર્યો હતો.

(૨) ગામ વરલ (તાબે ભાવનગર)ના દેરાસરજીમાં શ્રીમૂલનાયકજીની પ્રતિષ્ઠા કરાવી હતી. તે દિવસે તેમણે વરલમાં ઝાંપે ચોખા મૂક્યા હતા તથા તે દિવસે કાયમિક સ્વધર્મીવાત્સલ્ય કરવા માટે તથા ત્યાંની જૈન પાઠશાળા અને આયંબીલની ઓળી કરાવવા માટે ત્યાંના સંઘને સારી રકમો અર્પણ કરેલ છે.

(૩) શિહોર, વળા, ઘોઘા અને તળાજાના દેરાસરના શ્રીમૂળનાયકજીની કાયમિક આંગી રચાવવા માટે તે તે ગામના સંઘોને સારી રકમો અર્પણ કરેલ છે.

(૪) પાલીતાણામાં દર વર્ષે વૈશાખ શુદી ૪ ને દિવસે વરસીતપના પારણા કરાવવા માટે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને સારી રકમ અર્પણ કરેલ છે.

(૫) શિહોરમાં બંને ઓળીના પારણા કાયમિક કરાવવા માટે ત્યાંના સંઘને સારી રકમ અર્પણ કરેલ છે.

(૬) શિહોરમાં ઓસવાળ જ્ઞાતિને કારતક શુદ ૪ ને દિવસે કાયમિક અત્તરવારણા કરાવવા માટે રૂ. ૧૧૦૧) ઓસવાળ જ્ઞાતિને અર્પણ કરેલ છે.

(૭) શિહોરના દેરાસરજીમાં કેસર, સુખડ ખાતે રૂ. ૪૧૦૦) અર્પણ કરેલ છે. વગેરે ઘણાં શુભ કાર્યોમાં તેમણે પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો છે.

(૭) શાહ ગુલાબચંદ હરિચંદનાં ધર્મપત્ની બાઈ નેમકુંવરે સંવત્ ૧૯૯૧ ના પોષ શુદ ૩ શ્રીગિરનારજીનો સંઘ કાઢયો હતો. આ બાઈ નેમકુંવર અને તેની પુત્રી હંસાએ સંવત્ ૧૯૯૩ ના ચૈત્ર વદી ૫ તથા ૮ મે શિહોરમાં દીક્ષા લીધી છે. તે વખતે તેમણે ધામધૂમથી અઠ્ઠાઈ મહોત્સવ અને શાંતિસ્નાત્ર વગેરે કરાવ્યું હતું. તેમનાં નામ અનુક્રમે નંદનશ્રી તથા હંસાશ્રી રાખેલ છે.

(૮) શાહ જમનાદાસ હરિચંદે બાવન વર્ષની ઉમ્મરે સંવત્ ૧૯૯૨ ના કારતક વદ ૧ ને દિવસે અમદાવાદમાં શ્રીમાન્ શાંતમૂર્ત્તિ પંન્યાસ શ્રીહીરમુનિજી મહારાજની પાસે દીક્ષા લીધી છે, તેમનું નામ જયંત

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

મુનિ રાખવામાં આવ્યું છે. તથા તેમની પુત્રીઓ વિજયા અને મંગળાએ પણ દીક્ષા લીધી છે, અને તેમનાં નામ અનુક્રમે વિજયાશ્રી તથા મદનરેખાશ્રી રાખવામાં આવેલ છે.

( ૯ ) શાહ ભાઈચંદ હઠીચંદના પુત્ર હિમ્મતલાલે ૨૮ વર્ષની ઉમ્મરે સંવત્ ૧૯૯૬ ના વૈશાખ શુદ ૩ ના દિવસે પાલીતાણામાં દીક્ષા લીધી છે, તેમનું નામ હર્ષવિજયજી રાખવામાં આવ્યું છે અને તેઓ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રીમાન્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન શાસનપ્રભાવક શ્રીમાન્ વિજયભક્તિસૂરિજી મહારાજના શિષ્ય શ્રીભુવનવિજયજી ગણિના શિષ્ય થયા છે. તેમજ ભાઈ હિમ્મતલાલનાં ધર્મપત્ની ચંપાબાઈ તથા તેમની પુત્રી બચુએ પણ દીક્ષા લીધી છે અને તેમનાં નામ અનુક્રમે સુલસાશ્રી તથા સુનંદાશ્રી રાખવામાં આવેલ છે.

(૧૦) શાહ અમીચંદભાઈનો જન્મ સં. ૧૯૩૦ માં થયો. ૧૮ વર્ષની ઉમ્મરે વેપારમાં જોડાઈ વઢવાણ કેમ્પમાં ધાતુના વાસણોની દુકાન કરી આગળ વધ્યા. વઢવાણ કેમ્પમાં તેઓ વાસણવાળાના નામથી પ્રસિદ્ધ છે. તેઓ ધાર્મિક લાગણીવાળા તેમજ દેવ–ગુરુ–ધર્મ ઉપર શ્રદ્ધા અને ભક્તિ ધરાવનારા અત્યારે વિદ્યમાન છે. જેમણે આ વંશવૃક્ષ તૈયાર કરી આપ્યું છે.

(૧૧) શિહોરથી વળા–વલ્લભીપુર રહેવા આવ્યા.

卐

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com

Shree Sudharmaswami Gyanbhandar-Umara, Surat www.umaragyanbhandar.com